શ્રી.

બહુચરાજી મનોરંજન

ગાયન સંગ્રહ.

શ્રી ગુણવિજય મંડળીને માટે.

બનાવનાર,

કડીઆ. મણીલાલ સાંકળચંદ.

પ્રસીદ્ધ કરનાર,

કડીઆ. બાપાલાલ મોતીરામ

તથા

કડીઆ. દલસુખ રણછોડ.

(આવૃતિ ૧ લી પ્રત ૧૦૦૦.)

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૪. સન ૧૮૯૮.

કીંમત રૂ ૦-૨-૦.

શ્રી.

બહુચરાજી મનોરંજન

ગાયન સંગ્રહ.

શ્રી ગુણવિજય મંડળીને માટે.

બનાવનાર,

કડીઆ. મણીલાલ સાંકળચંદ.

પ્રસીદ્ધ કરનાર,

કડીઆ. બાપાલાલ મોતીરામ

તથા

કડીઆ. દલસુખ રણછોડ.

(આવૃતિ ૧ લી. પ્રત ૧૦૦૦.)

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૪. સન ૧૮૯૮.

કીંમત રૂ ૦—૨—૦.



શ્રી.

બહુચરાજી મનોરંજન ગાંયન સંગ્રહ.

૧

રાગ વિનંતી ધરજ્યો ધ્યાન.

પુરજો મનની આશ બહુચર મા પુરજો મનની આશ.

ઉગમણો માનો ગોખ બીરાજે, સામા છે હનુમાન. બ૦ ૧

વરખડી નીચે વાસો છે માનો, દે પરછા તતકાળ. બ૦ ૨

ડાબી પાસે નારસીંગ બીરાજે, માનો છે પરધાન. બ૦ ૩

માનસરોવર ગંભીર ગાજે, નાતાં પ્રાશ્રીત જાય. બ૦ ૪

કરજોડીને વીનંતી કરૂંછું, આપો સુભ સુખ કાજ. બ૦ ૫

ત્રણ ભોવનમાં વાસો તમારો, સ્વર્ગ મૃત્યુ પાતાળ. બ૦ ૬

આશા સઉની પુરણ કરજ્યો, જગત જંતુની માત. બ૦ ૭

૨

રાગ કલ્યાણ.

માત બહુચરી કરૂં વીનતી, જરણ મરણ રોગ સર્વ ટાળો ભગવતી;

શીશ નમાવું માત સારદા, કરો ગીરજા ગંભીર;

સેવક જાણી પોતા તણો, મા મળી દેજો ધીર. ટેક. માત.

હું નવ જાણું ખોટું ખરૂં, નવ જાણું એક અક્ષર;

હ્રસ્વ દીર્ઘ જાણું નહીં, તે માટે કરજો મેહેર. માત૦ ૧

નમું નમું ગણપતી શ્રી ગુરૂ, નમુ ગવરી માહેશ;
શેવક સત્ય ઠરાવજો, માટે માગુ ઉપદેશ. માત૦ ૨
શીવ સહીત ગુરૂ દેવને, નમું હું આરત વાણ;
કૃપા દષ્ટીથી મયા કરી, શેવક થાજો સાવધાન. માત૦ ૩
વદુ ગુરૂ પરમહંસને, નમું બેઉ કરજોડ,
જન્મ મરણ ભવ ટાળજો, પુરો મનવાંછીત કોડ. માત૦ ૪
ચાર વેદને પ્રણમું સદા, પ્રણમું શીવમહમુન;
ભગત અભગતને પ્રણમું, પ્રણમું શબ્દને સુન. માત૦ ૫
વદુ મુખથી બાળા બહુચરી, લળી લળી લાગુ પાય;
સુદ્ધ બુદ્ધ દેજો સરસ્વતી, મા શકતી થાજો સહાય. માત૦ ૬
અક્ષર આપો નીરમળા મા, પુરો મનની આશ;
મણીલાલ કહે કરજોડીને, તુ જચરણનો દાસ. માત૦ ૭

૩

રાગ આજે તો અમૃતવૃષ્ટિ.

ચાલો જઈએ દરશન કરવા, અંબે માત બીરાજે છે;
જળહળ જોત જગતમાં જેની, સચરાચળ પ્રકાશે છે. ચાલો ટેક.
આરાસુરમાં અંબે બીરાજે, શેવકને શીર છાજે છે;
છત્ર સોનાનું ધર્યું શીરપર, ત્રીશુળ સુંદીર ગાજે છે. ચાલો. ૧
ચુંવાળમાં બહુચરીયા બાળી, બરદ સઉના રાખે છે;
જે કોઈ આવે ભાવ ધરીને, સંકટ સઉના કાપે છે. ચાલો. ૨
લુલા લંગડા અંધા આવે, તે સુખ પામી જાય છે;
ખરે મનથી સેવે સનખલપુરી, દુખ વામી સુખ થાયછે. ચાલો. ૩

ન પુરૂષને પુરૂષ કીધા, પુરૂષોતન પ્રકાશે છે,
આવી ભાવથી સદા સેવીયે, ચુંવાળમાં તે વાસ છે.   ચાલો. ૪
પાવાગઢ માહાકાળી કહીયે, માનો પડછો સાચો છે;
ભાવ ધરીને ભજો ભવાની, ભવ તરવાનો આરો છે. ચાલો. ૫
દક્ષણમાં તુળજાભવાની, ભવસંકટ તે કાપે છે;
પ્રેમ ધરીને પ્રણામ કરીયે, જે માગે તે આપે છે.   ચાલો. ૬
જે કોઈ ભાવે છંદ સાંભળે, મનવાંછીત ફળ થાય છે;
પુરવે જનમના સંચીત હોયે, માનસરોવર નાહ્યા છે. ચાલો. ૭

૪

રાગ ભાવેથી કરીએ સહસ્ત્ર પુજા.

ભાવેથી ભજીએ માજી મોરા, આનંદ હર્ષ તણો નહીં પાર. (૨) હો ટેક.
સૃષ્ટી વીષે તમે માતુ સોભોછો, શેવે સૌ નરનાર. (૨)   હો. ૧
પ્રથમ દરસન વીરનું થાયે, અતી ઉમંગે અપાર. (૨)   હો. ૨
પુજન આપનું કરે સદા જે, પામે પદારથ ચાર. (૨)   હો. ૩
દાસ જાણીને દયા કરો મા, વીનવું વારંમવાર. (૨)   હો. ૪
ભવસાગરમાં બુડંતા માજી, તમો છો તારણ હાર. (૨)   હો. ૫
છોડે જે જન નામ તમારૂ, ગુમાવે. નીજ ઘરબાર. (૨)   હો. ૬
એવો છે ચમત્કાર દેવીનો, નમું હું વારંવાર. (૨)   હો. ૭

૫

રાગ ધીરે ધીરે આવો.

જયજય બોલો શ્રી બહુચર માત. (૨)

૭

આજે આનંદ આનંદ થૈઈ થૈઈકાર થયો.

માજી આનંદ વાધ્યોછે રંગભેર રમું,
બાળી બળધારી બહુચ્ચરને પાયે નમું;
માના ગુણ ગાઉ, જુવો મુજ સામું. જય જય. ૨
માનું દેહેરૂં ગગનમાં ગાજી રહ્યું,
ઉપર સીખર સોનાનું સોભી રહ્યું;
સોભા શી કહું, મનડું માની રહ્યું. જય. ૪

૮

રાગ. મુગટ શો ઝળકે.

મુરતી શું ઝળકે મુરતી શું ઝળકે,
બહુચર મા તમારીરે મુરતી. ટેક.
બેઠા સીંહાસન સૂર્ય પ્રકાશો,
કાને કલાફુલ લળકે. મુરતી. ૧
હાથે ખડકને ત્રીશુળ ધારી,
દેખી દૈતો થરકે. મુરતી. ૨
સકળ જગમાં રહ્યા પ્રકાશી
જળહળ તેજ ચળકે. મુરતી ૩

૯

આવો રમો અલબેલી સખી મમ.

આવો રમો સજન સઉ સંગ,
રમો રમત રાસની ધરી ઉમંગ. આવો. ટેક

અમન ચમન મોજ મજા માંહી, સમરી લોને બાલા માતગ
બહુચર બાલી, નમી નમી પુજુ પ્રેમે હાર ગુંથાવી,
એક એક થકી અધીક ખુશીથી, રમત કરોને તમ. આવો. ૧

૧૦

રાગ વંદી વંદી વિશ્વનાથ.

નમી નમી જગમાત, વીનવીએ અવારે,
ભગ્તોને માતું તારે. નમી ટેક.
સુધ મન તુજ ભગ્તી, સાચી થાયે યથાશક્તિ,
તારે ભવસાગર પારે. નમી. ૧
માત દયારક, કરમ નીવારક, પાપ વીદારક, ભવભય હારક,
બહુચર માયા, તુજ જસ ગાયા, ટળી ગઇ માયા, પાવન કાયા,
શ્રી મંમાયા સરણે તારે. નમી. ૨

૧૧

રાગ પૂનમ ચાંદની.

આજે જય જય વરત્યો ચુવાલમાં રે,
રમીએ આણંદેથી સકળ સમાજ;
માના મંડપે જઇને મુસ્તક નામતા રે,
માને ગાવો સહુ આણંદ ઉલ્લાસમાં રે;
માને ભજતાં સર્વે દુ:ખડા જાય, માના મંડપે૦

સાખી.

સુંદીર શોભા શી બની, સંખલપુરની માંય;
બેઠા મા આણુંદમાં, વરખડીની છાંય.

માનું માનસરોવર ગંભીર શું ગાજતું રે,
ઉપર બીરાજે છે ભોળો શંભુનાથ, માના મંડપે૦

સાખી.

સોળે સણુગારો સજી, બેઠા બહુચર માત;
મુસ્તક મોડ સોહામણો, તીલડી તપે લેલાટ.
માની હબચીએ હીરા શોભી રહ્યા રે,
લીલું તાજવું શોભે ગોરે ગાલ, માના મંડપે૦

સાખી.

સુંદીર મંડપ શોભાતો, ઉગમણા દરબાર;
બેઠા માતા માહરી, તેજ તણો નહિ પાર.
માનો ગોખ શું સુંદીર શોભી રહ્યો રે,
માંહી જડીયા છે આરસપાણ, માના મંડપે૦

સાખી.

અદભુત આંગી શોભી રહી, હીરા હારોહાર;
ઓઢી માથે ચુંદડી, ચરણે ચોળી સાર.
આજે જય જય વરત્યો ચુંવાળમાં રે,
રમીએ આણંદેથી સકળ સમાજ, માના મંડપે૦

૧૨

રાગ વડ સાવંત્રી.

શોભે શીરોમણી સનખપુર, જોવા જઈએ રે,
બિરાજે બહુચર માત, દરસન કરીએ રે;
પવિત્ર માતનું આજ, પુજન કરીએ રે,

લઈ કુમકુમ ચંદન હાથ, માને ધરીએ રે.
સેવા આ, માત, તણી, સાચવો રે તમો,
ઉતારે ભવ સીંધુ પાર રે, સાચા મૈયાને સૌ સેવીયે સદા.
શ્રૃષ્ટિ વિષે શોભા શી બની માની,
કહેતા બ્રહ્મા ન લે પાર રે. સાચી૦ ૧
મુસ્તક માજીને મોડ બિરાજે,
છત્ર સોનાનું શીરપર છાજે;
ચંદ્ર છબી શ્રી બીરાજે૦ માજીના ગુણ ગાવો૦ ૨
આભુષણ માજીને અંગ ઓપે,
રવી ચંદ્ર સરખું મુખ માનું શોભે,
શશી લીલાવટ શોભે૦ માજી૦ ૩

૧૩

રાગ અસ્વ દોડાવી.

સનખલપુરમાં આપ બીરાજે, બાળી બહુચર માત.
દાસ તમારો અરજ કરે છે, જોડી બંને હાથ. ટેક.
હૃદય કમળમાં નીશદીન રાખો, મુંજને સાચી માત,
જાણી દાસને દરસન આપો, મુજને બહુચર માત. સનખલ. ૧
માગ્યા પુરણ આપે માજી, સૌને સુખ સંતાન;
આસરો રાખે તારો માજી, પામે પુરણ માન. સનખલ. ૨

૧૪

રાગ પીતા જાણી બાળકને બીવરાવો.

માતુ રે સદા સમર લે અજ્ઞાની, કેમ ભુલો ભમે પ્રાણી,
મુરખ તારી જાયે છે એળે જુવાની, કેમ ભુલો ભમે પ્રાણી. ટેક.

સાખી.

કાચી કાયા કાચની, કાંઈ ન આવે ન કામ;
સાચી મનવા માતનું, ભય છુટે લેતાં નામ.
ભજો ભગવતી બહુચર બાળ, તેથી ઉતરશો ભવ પાર. માતુ૦ ૧

સાખી.

જાય જુવાની જળ જોટમાં, ભજ લે તું મંમાય;
સમરણ સુજે નહી માતનું, વૃદ્ધપણે પસ્તાય.
ગાયત્રી નામથી સદ્ય ગતી થાયે, જીવન મુક્ત કરે અંબાય. માતુ. ૨

૧૫

રાગ. પામો પામો પદમણી નારી હો.

બેઠા બેઠા સનખલપુર રાણી હો, તારી અકળ કળા ન કળાણી. હો.
હાજર ઉભો માજી હજુરમાં, અક્ષત પુષ્પ લઈજ કરમાં,
શેવો શેવો, બાળા ઉર આણી. હો તારી. ટેક.
દર પુનમે મા સંગજ આવે, સરવે મળી માજીના ગુણ ગાવે,
પુરણ પ્રેમે (૨) ઉલટ મન આણી. હો તારી૦ ૧

૧૬

રાગ માઢ.

શેવો બહુચર બાળી, આનંદ આણી, કષ્ટ અમારા કાપ;
દીસો માત અલબેલી, છેલ છબીલી, આણંદ આણી૦ કષ્ટ૦ ટેક.
દૈતને મારીને દેવ ઉગાર્યા, કીધા ભક્તોના કાજ;
સરણે આવો માજી તમારા, રાખો સઉની લાજ.
માજી ભોળી ભવાની, છોરૂ જાણી, આણંદ આણી૦ કષ્ટ૦ હો. ૧

કુબડીયે માયે કતકજ માડયું, રાખી ગોવાલની લાજ;
સોલંકીની આશા પુરી, તાયો વણીકના ઝાઝ.
તુંને વેદ વખાણી, ખુશાળ કલાણી, આણંદ આણી૦ કહુ૦ હો. ૨

૧૭

રાગ. ડરમાં તું દીલ સાથ.

ઝળકે જ્યોત અપાર, જગતમાં ઝળકે જ્યોત અપાર. ટેક.
માના તેજ તણો નહી પાર. જગત૦ ૧
શોભે છે સારી, અંગે રૂપાળી,
પેરી છે માયે દક્ષણી સાડી, રત્ન જડીત્ર કોર કીનારી;
શોભી રહી માની કાન્તી સારી, ઝળકી રહી માની નાકની વાળી;
માજીની છબી જોતાં મારૂં અંતઃકરણ ઘણુંજ હરખાયું,
તેથી તમે ભજો બહુચર બાળ. હાં૦ (૨)
બહુચરબાળી, છો મતવાળી
કીધી છે મા મૃગની અસ્વારી, હાથ ખડગને ત્રીશુળ ધારી;
અસુર સઘળા નાંખ્યા છે મારી, ભક્તો માયે લીધા ઉગારી;
માનું પ્રાક્રમ જોઈ સરવે ભક્તો પાયે લાગી આનંદ પામ્યા,
તેથી વરત્યો જય જયકાર. હાં હાં રે૦ (૨)

૧૮

રાગ. મારી સાથે ચાલો ચાલો.

આજે સનખલપુરમાં, સાચી સાચી સાચી છે બહુચર માત;
સાચી છે, સાચી છે, સાચી છે, સાચી છે, સાચી છે, સાચી છે.
ટેક. આજ.
ધોળાગઢસે ધાઈ મૈયા, વસીયા ચોક સુંવાળની માંહી,
વરખડી નીચે વાસો કીધો, સાહ્ય કરી સોલંકીને તાંહી;

નારીનો મા નર કીધો. વા. વા. વા.
ઘોડીનો મા ઘોડો કીધો. વા. વા. વા.
દરશન કરતાં સુખ થાશે, આજે. ૨

૧૯

રાગ જપતી પ્રીતમની જયમાલ.

ધરવું બહુચર માનું ધ્યાન, હૈયે હેત ધરીને.
પ્રેમ ધરીને હું તો પાયે રે લાગું, સેવો સનખલપુરી માત, એક ચીતે ધરીને.

સાખી.

જુગ જુગમાં વાપી રહ્યા, બાળી બહુચર માય;
ચારખુંટ પૃથ્વી વીષે, માતુ છો પ્રખ્યાત.
કીર્તી તમારી માજી ત્રણ ભોવનમાં,
સ્વર્ગ મૃત્યુ ને પાતાળ, રાખ્યા મેહેર કરીને. ધરવું. ૧

૨૦

રાગ ક્યાંથી આ સંભળાય.

સાહ્ય થજો આ વાર, બહુચર માડી સાહ્ય થજો આ વાર;
દરસન દો મંમાય, બહુચર માડી૦ સાહ્ય૦ ટેક.
સનખલપુરમાં વાસો તમારો, બોરૂ વનની માંહ્ય. બો૦ ૧
સરણે આવ્યો માજી તમારા, હરખ ધરી મનમાંહ્ય. બ૦ ૨
તન મન તમને અરપણ કરીને, લાગું છું મા પાય. બ૦ ૩

૨૧

રાગ. મોકો મારવાડસે.

મોકો અમદાવાદસે આઇયો, મોકો માજી દરસન પાઇઓ. ટેક.
અમદાવાદસે નીકસો થારે, મનમાં જપતો માજી,
માજીના ગુણ ગાઈ કરીને, થયોજ મનમાં રાજી. મોકો. ૧
સલખનપુરમાં સહુ મિળીતો માજીના ગુણ તો ગાઇઓ,
માજી આગે શીશ નમાતું, માજીકે મનમેં ભાઇઓ. મોકો. ૨

૨૨

રાગ. તાતનો ભરૂસો નથી રે.

પ્રિતે ભજી લો તમે રે સનખલપુર રાણી. પ્રીતે. ટેક.
માજી તમારા ચરણમાં નમતાં, સુખ પામે સદારે. સનખલ૦ ૧

સાખી,

મુખે ભજી લો માતને પુરે મનના કોડ.
સુખ શાન્તી આપે સદા, રહે અવીચર જોડ. સનખલ૦ ૨

સાખી.

જેને સેવે શ્રી હરી, સુરીનર ધરતા ધ્યાન;
મોટા મુની તપેશ્વરી, નીશદીન કરતા ગ્યાન. સનખલ૦ ૩

સાખી.

સંસારરૂપી કરી કલ્પના, કંઈ ભરમે ભોળાય;
મોહ મછર અહંકારથી, લાલચે લલચાય. સનખલ૦ ૪

સાખી.

સનખલપુર માતુ માહરી, નમીએ વારંવાર;
રંકપર કરુણા કરો, કૃપાળુ મંમાય. સનખલ૦ ૫

સાખી.

ગાવો ગુણુ ઉમંગથી, માજીના દરબાર;
ધન ધન દીન છે આજનો, વરત્યો જય જયકાર. સનખલ૦ ૬

૨૩

રાગ. બણુઝારો.

ચાલો સનખલપુર નરનારી, કરી દરસન થાયો સુખકારી;
માજી ધોળા ગઢસે ધસીઆ, આવી ચોક ચુંવાળે વસીઆ રે.
મા ક્રીપા કીધી ત્યાં સારી, કરી દરસન થાયો સુખકારી૦ ૧
માજી ચાચર ચોક પધાર્યા, દુખ સેવકોના સૌ ટાળ્યા રે;
માજી કૃપા કીધી સુખકારી, કરી. ૨
જઈ માન સરોવર નાવો, માના દરસનથી સુખ પાવો રે;
દીસે મુરત મોહનગારી, કરી. ૩
તમે મુસ્તક દૈત્યોના કાપ્યા, સુખ બહુ ભગતોને આપ્યા રે;
એવી માજી છે દીન દયાળી. કરી. ૪
તમ સોભા સઘળે જામી, હું કહું છું શીશ નામી રે;
કીધી મૃગ ઉપર અસ્વારી, કરી. ૫
હાર ગજરા ફુલનકે ગુંથાવું, મારી માજીના કર સોવરાવું રે;
ગુલદાવરી સોભે સારી, કરી. ૬

૨૪

રાગ. અંતરમાંહે ઠરી.

બહુચરીયા મન વસી, (૨)
મા મનહર છબી ઉરમાં ઠસી. બહુ૦ (૨) ૧

વીધ વીધ સુખનીધ એહ વીવેક.
પ્રાણી માત્ર પ્રતી પાલન ટેક.
ચુંવાળે માં વશી. બહુ૦ ૨
ચાલો જોવા શ્રી મહારાજે,
બલધારી મા ગોખે ગાજે;
ભગ્તોના મા સંકટ ભાજે,
મણા નહીં કસી. બહુ૦ ૩

૨૫

રાગ. શું નટવર વસંત.

આજે સનખલપુરી માનું ધ્યાન ધરો.
ધ્યાન ધરો માનું ગ્યાન કરો. આજ. ટેક.

સાખી.

બેઠા માતુ માહરી, બોરૂ વનની માંહ;
અસુર સઘળા મારીયા, ખડગ ધરી કર માંહ.
મૃગ ઉપર માડી અસ્વારી કીધી,
ડોલી પૃથ્વી પંખી પગે ધર્યો, પગે ધર્યો શું પંખી પગ ધર્યો૦ આ૦ ૧

સાખી.

દુષ્ટ દમ્યા કઇ વારના, દીધા ભલા મા દંડ;
ઉડીને આકાશમાં, આણ્યો અસુરનો અંત.
સુધે કરણુ સંસાર, કર ત્રીશુળ લીધું;
મા બોમી તણો સીર ભાર, હરવા મન કીધું,

સાખી.

તપ કર્તા મુનીશ્વરા, દમતા દૈત અપાર;
માર્યા માયે પ્રીતથી, ક્ષણ ન લાગી વાર.
આનંદ વાધ્યો છે માજી, સરવે સંસારમાં;
સરવે કારજ માજી સીધ કરો, સીધ કરો રે આનં૦

૨૬

રાગ. ચાલો દરસન ભોજન કરશું.

ચાલો માજી દરસન કરશું, રૂડાં રંગે ગરબે રમશું.
માજી તારો મહીમા મોટો ત્રણ લોકની માંહ.
દરસન આવે સૌ સુખ પાવે, મન વાંછીત ફળ થાય. ચાલો. ટેક.
અન્ન વીધ વીધ માજી પારે, રૂડા રંગે થાય,
નરનારી ત્યાં હેત ધરીને, માના મંગળ ગાય૦ ચાલો. ૧
અદભુત કળા શી કહું માની, થઈ રહ્યો જયજયકાર,
સદા આરાધું માત બહુચરી, પામે પદારથ ચાર. ચાલો. ૨

૨૭

રાગ અખીલ વીશ્વમાં છો એક ત્રીયારાજ સુંદરી.

સર્વ સષ્ટીમાં છો એક સૈલ્ય સુતા સુંદરી, સૈલ્ય સુતા સુંદરી,
ગુણનીધાન, રૂપવીશાળ, દીસો માતા બહુચરી;
હાં..........હાં..........હાં..........હાં..........દીસો (૨) ટેક.
માતની કળા છે નવ ખંડમાં અધીક, તખ્ત સોવર્ણ તણા, બીરાજે
બાળા બૈચરી.
હાં..........હાં..........હાં..........હાં૦ બી૦ (૨) સર્વ૦

મોતી હીરા હાર મુરતી રત્નથી ભરી,
મંડપ સોહે આપણો, દીસે જાણે ઈંદ્રપુરી,
હાં........હાં........હાં........હાં........દીસે (૨) સર્વ. ૨

૨૮

રાગ. અરે જાગોને જોગી રાજજી.

નમું તુંજ ચરણે મોરી માત, સદા તુજ ભકતી માજી માગુ (૨) નમું. ટેક
નીજ ભગત તણા પ્રતીપાલ, મૈયા આપે પદારથ ચાર.
વસે સનખલપુર સુંવાલરે૦ તુજ ચરણે૦ ૧

સાખી.

જોયા વીના મા તુને ક્ષણું રહ્યું નવ જાય,
આપ દયા જો નહી કરો, શી ગત મારી થાય.
આપે બાળા ત્રીપુરા નામ, કીધા દેવ મુનીના કામ,
નીજ જપતા તારૂ નામરે, તુજ ચરણે મોરી માત. નમું ૧

સાખી.

જોવા તન તલસે ઘણું, જેવો ચાતક મેહ,
સેવક જાણી આપણો, આણો રદેમાં નેહ.
આવી ચાચર કીધો પ્રણામ, ન્યારી ગોખ ગુણવંતો ધામ,
માજી કીધા સફળ કામરે૦ તુજ ચરણે મોરી માત નમું. ૨

૨૯

રાગ વીપરીત બુધી.

ઓ બહુચાર માત હમારી, હમે સરણે આવ્યા તમારી, ઓ૦ ટેક.
રાખે બહુચાર ઉપર ધ્યાન, તે તો પામે સદા માન. ઓ૦

સાખી.

બહુચર મુખે જે જમે, ઝાલીને જપુ માળ,
ભજવું માને પ્રીતથી, ક્ષણું ન લાગે વાર. ઓ૦ ૧

૩૦

રાગ ભલે આવ્યા પ્યારારે મારી આંખોના ચાળા.

બહુચરમાં બળ ધારીરે, માતુ બાળીને ભોળી૦
સુભ સુખ આપો, દુખ સઉ કાપો.
જપુ માળ તોરીરે માતુ બાળીને ભોળી. બહુચરમા. ટેક.
જગતમાં તમસમ, અવરના જાણું,
લગી છાપ તોરીરે, મા તુ બાળીને ભોળી૦ બહુચરમા૦ ૧
શુદ્ધ મનથી નીત્ય, કરો સૌ સ્મરણુ,
પુરે આશ તોરીરે, માતુ બાળીને ભોળી૦ બહુચરમા૦ ૨

૩૧

રાગ. પ્રીયા મુજ પ્રાણુ છો વારી વારી.

બહુચર મુંજ માત છો, વારે વાહવા.
જગત પ્રખ્યાત છો, વારે વાહવા.

સાખી.

બ્રહ્મારૂપે બ્રહ્માયણી, વીષ્નુ કાળી રૂપ.
શીવ અડધા અંગે ઉમીયા વસે, એવાં ધર્યા સ્વરૂપ.
રંગીલી રસીલી માતુ છો અલબેલી, છબી ગુણુની ભરેલી, (૨)
નમું નીત્ય નામને, વારે વાહવા.
જોડી બંને હાથને, વારે વાહવા,

સાખી.

માર્કંડ માહત્મ ભાખીયું, અમર કીધો અવતાર,
દાસ તણી વાહારે ચડી, દૈત્ય કર્યા સંહાર.
માતુ, છો, કીરપાળી, જાઉ તમ પરવારી,
દીસે તારી બલીહારી. (૨) બહુચર. ૨

૩૨

કંગનવા મોરો કરસ સરક ગયોરે.

મા દરસન આપો દીન દયાળી, માતુ અમનેરે,
મા સંકટ સઉના કાપોરે, સુખ સઉને આપોરે.
કહું છું મા શીરનામી, તમ કીરતી સઘળે જામી,
પુંજુ પ્રીતે પ્રેમ ધરીને, માજી તમનેરે૦ મા૦ ટેક.
નયણે જાઉ નરખીરે, મા હૈડે ઘણો હરખીરે,
છો જગત જનેતા માડી, શેવુ હું દહાડી દહાડી.
નમન કરૂ માજી મારા હસ્ત ગૃહીનેરે૦ મા૦ ૧

૩૩

રાગ કંઇને મારી કંઇને કાપી.

માજી તમારૂ માહાતમ મોટું, ચૌદ ભોવનમાં છાપ.
બ્રહ્મા વિષ્નુ માહેશ્વર આ દેવ, જપે તારો જાપ,
સાહે કીધી સઘળે. હે.........હા.
કીધુ પાવન સનખલપુર નગ્રે, સાહે કીધી સઘળે૦ હા૦

૩૪

રાગ કુંવરી કુંવર કોડામણો.

બહુચર માત અમાયરી, કરજો સેવકને સાથ,

સરણે આવ્યો છુંરે તાહરે, આપો સુખને સાહ્ય. બહુચર. ૧
માતુ કૃપાએ અમે આવીએ, ચોક ચુંવાળ માંહ્ય,
બેઠાં છો માતુ ગોખે ચડી, લાગુ લળી લળી પાય. બહુચર. ૧
સોલંકીને મા સાહ્ય છો, બાળી બહુચર માત,
નારીનો માએ નર કરી, લાગી ક્ષણું ના વાર૰ બહુચર. ૨
માતુ રે માતુ સહું જપે, બ્રાહ્મણ જપે છે જાપ,
હવન હોમ ત્યાં થાય છે, લોલા તોરણ બંધાય. બહુચર. ૩
અમે સેવક માજી તમ તણા, ગાઇએ ગુણ અપાર,
દલસુખ કહે છે વીનંતી, રાખો ચરણની માંહ. બહુચર. ૪

૩૫

રાગ થયા છોરે પતી તેજ પ્યારી તનન

બેઠાછો રે માજી ચોક ચુંવાળમાં ગોખ ચડી ગાજે,
ગોખ ચડી ગાજે હાં મંમાયા ગોખે ચઢી ગાજે. બેઠા છો. ટેક.
છત્ર સોનાનું શીરપર છાજે, ઝળકે મોતી અપાર,
સુભ સારી, દીસે ભારી, કાંન્તી તારી, મેં નીહાળી,
પ્રણામ કરીને પાયે લાગુ, શીર રહ્યા છાજી૰ બેઠા. ૧
કલ્લાં કાંબી અણુવટ વીછુવા, ઝાંઝરનો ઝમકાર,
ઘુઘરી ઘમકે, નેપુર ઝમકે, માને ઠમકે ચીત ચમકે,
સોળે સણગાર અંગે અનુપમ, ત્રીસુળ કર ગાજે૰ બેઠા. ૨
બાંહે બાજુ બંધ દીસે બેરખા, કંકણ છે કરમાંય,
વેસર વાળી, નાકે સારી, છે ઝળકારી સોભા ન્યારી,
કુમકુમ કેસર આડ અનુપમ, રત્નમણી રાજે૰ બેઠા. ૩

૩૬

રાગ માઢ. કંઇ રંગે રમતાં રજની જાસે.

કાંઈ માને ભજતાં સુખજ થાશે, સમરી લોને માત;
પ્રેમ ધરીને સંગજ ચાલ્યો, સનખલપુરની માંહ.
નરનારી ત્યાં પ્રેમ ધરીને, માના ગુણુજ ગાય. કાંઈ૦ ટેક.
ભક્તો સૌ ભાવ ધરીને, સેવો બહુચર માત;
બ્રાહ્મણ સઘળા જાપ જપે છે, બહુચર બહુચર નામ. કાંઈ૦ ૧

૩૭

રાગ રહી વસી હૃદયણી રમણી.

દીસે તુજે મુરત લટકારી,
બહુચર બાળી, છો બળધારી. જાઉ તુજપર વારી;
પ્રીતથી, ચીતથી, નમુ......નમુ......માતુને. દીસે. ટેક.
માહ દુઃખ હરણી, છો ભવતરણી, ઝાલો બાંહ્ય માહરી.
ભરસો, આ સમે તારો......તારો......મા મુંને......દીસે. ૧
માજી માનસરોવર, દીસે ગુણવંત ધામ.
નાહીને, નાહીને, પુજુ......પુજુ......પ્રીતથી દીસે. ૨

૩૮

રાગ. સખી સુખ જગતમાં સું જાણીએ.

બહુચર માતુને શીશ નમાવીએ રે,
રૂડા ગુણ માજી તણા ગાઈએ રે;
તમો કરો કીરપા મોરી માત રે, બહુચર મા. આશા પુરો અમતણીરે(૨)

સાખી.

શ્વેત ગીરીથી પધારીઆ, ચોક ચુંવાળની માંહ;
વાસો કીધો પ્રેમથી, માજી વરખડીની છાંય રે. બહુ૦ (૧)

સાખી.

સોલંકીની કુંવરી, પુત્ર ધરાવ્યું નામ;
પુરૂષોતન માયે આપીયું, માતે કંઈક કીધા એવા કામરે. બ૦ ૨

સાખી.

રમી જમીને ચાલીયા, દેવી તણે દરબાર;
આશરો માજી તાહરો, મુખે માગે છે મણીલાલ રે. બહુ૦ ૩

૩૯

રાગ. મારા ભાગ્ય તણો નહી પાર.

હું તો જાઉ જોવા કાજ, મારી બહુચર માને આજ;
મને દરસન આપો માત, કહું જોડી બંને હાથ. હુંતો. ટેક.
હેતે ધરીને પેહેલી પુજા, પ્રેમે કરૂ માની;
પાસે રાખો માત માહરી, દાસ તમારો જાણી. હુંતો૦ ૧
કરજોડીને કરૂં વીનંતી, આપો સુખ સદાય;
દાસ તમારો જાણી માજી, કૃપા કરો મંમાય. હુંતો૦ ૨

૪૦

રાગ. આવો આવો પાસ પ્યારા કરો.

માજી કર્યાં મેં બહુ પાપ, કરો માફ, માફ, માફ,
હુંતો સદા છું દાસ તમારો, કાપો અમારા માજી તાપ, તાપ, તાપ, માજી. ટેક.
સુખી થયો માજી તુમ દરસનથી, મારા મનમાં વસ્યા છો માજી આપ,

૪૧

રાગ. સખીઓ નીજ નીજ નીતી.

સજનો વીધ વીધ માએ સોળે સણુગાર પેહેરીયા રે,
પરમ પવિત્ર બહુચર દીસે લાલ ગુલાલ;
સાચી સનખલપુરી માતની સેવા સાચવો રે,
ભાવ ધરીને ગાવો સજનો સરવે સાથ,
એવા સુંદીર સણુગાર માને અંગે સોભતા રે. ટેક.

સાખી.

મુસ્તક ઓઢી ચુંદડી, ઉર મુકતાનો હાર,
કાંબી કડલાં સોભતાં, ઝાંઝરનો ઝમકાર.
વાગે વીછવા માજી તણા પાયમાં રે,
વાગે ઘુઘરાનો ઘમ, ઘમ, ઘમકાર. એવા૦ ૧

સાખી.

કેડે કટી ત્રીમેખળા, સોભે અણુવટ સાર,
રત્ન જડીત્ર ઝુમણું, પેહેરા પાટી સારઃ
ઝરમળ, ચીણુ માળા સોભે કોટે હાંસડી રે,
ચંપક ચોસેરી રત્ન જડીત્ર હાર. એવા૦ ૨

સાખી.

નાકે નથણી મોતી જડી, ચાંદલો પુનમ ચંદ,
આડ લેલાટ સોભતી, જોતાં આનંદ કંદ;
માની સોભે સુંદીર સુરમે ભરી આંખડી રે,
ચોઆ ચોખલા કુમ કુમ કપોલ. એવા૦

સાખી.

સીંથો ભર્યો સીંદુર શું, વેણીવા સુકી નાગ,
ખટ દસ અંગે સારીયા, માતા મોટે ભાગ્ય;
રમઝમ રમવા નીકળ્યાં શકતી સઉ સાથમાં રે,
ગરબો ગાય મણીલાલ, બહુચરને પ્રતાપ. એવી. ૪

૪૨

રાગ. હું રે થયું રે હું રે થયું.

ખુબે બની સોભા અજબ બની, ખમા, ખમા, સોભા ખુબ બની,
ગરૂડે ચડી ગાયંત્રીજી આવ્યાં, પ્રેમે પધાર્યા છે પારા ભણી. ખમા. ટેક.
કુમકુમ પગલા ચાચર રાજે, મધમાતી પુજે છે ઘણી. ખમા૦ ૧
કોટી સુરજની કાંન્તી ઝળકે, કીરણ પ્રકાશી છે તેજ તણી. ખમા૦૨
આવી અતગત છે અલબેલીની, સકળ દેવ શીર આપ મણી. ખમા૦૩
સરવે સેવકતણા શીર માજી ગાજે, બળીયો ઇષ્ટ છે બાળાધણી. ખમા૦૪

૪૩

રાગ. ક્ષત્રીકલંક.

છે ચુંવાળમાં મંમાય, ત્રીશુળ કરમાંહ્ય ધાર્યું રે.
કીધો અસુરતણો સંહાર. ત્રીશુળ.
આપી સોલંકીને સાહ્ય, ત્રીશુળ.
નારીનો નર કીધો ત્યાંય. ત્રીશુળ.
ઘોડીનો ઘોડો કીધો હાલ, ત્રીશુળ.
કુતરીનો કુતરો કીધો હાલ. ત્રીશુળ.

ક્ષત્રીકલંક જે કોઈ ગાય, ત્રીશુળ.
તેની બહુચર પુરશે આશ. ત્રીશુળ.

૪૪

રાગ. લાવણી.

હું બહુચર માનું રોજ ધ્યાન ધરૂં છું,
હવે સેવામાં હાજર રહેવા ઈચ્છુ છું;
માડી તું જોને સરણે આવ્યા છીએ તારી,
આ સેવક જાણી લોને માત ઉગારી.
તમે કૃપાદૃષ્ટીથી માત કરોને કીરપાયે,
મા સરણાંગત છું સાહ્ય કરો મંમાય.

૪૫

રાગ. આજે તો અમૃત વૃષ્ટી.

આજે તો ચુંવાળની મધે, માજી તો બીરાજે છે;
ચાલો સહુ દરસન કરવા, છત્ર શીર છાજે છે.
આન તાનની તથાયે, શેવક જન ગુણ ગાયે;
રૂમ ઝુમ રૂમ ઝુમ થૈઈ થૈઈ થાય છે. આજે તો. ટેક.
બાળા બહુચર માજી આદે, સનખલપુર બીરાજે છે;
સેવક સુખ કરવા માજી, ગોખ ચડી ગાજે છે. આજે૦ ૧

૪૬

રાગ. ચળકતી ઝળકતી.

રસીલી છબીલી માત બહુચરી રે,
મતવાલી ચુંવાળમાં બહુચરી.

સ્વરૂપ સોહાગી વારૂ વર્ણાગી.
ક્રાંન્તી ઝળક ગૌર ગાત્રીરે. મત૦ ટેક.
સનખલપુર આવીઆ સૌને મન ભાવીઆ;
પ્રેમે પુજો નવરાત્રી રે. મત૦ ૧

મંડપ રાજે મા ઘણે ગુણુ ગાજે,
છાજે શોભા સર્વે શક્તી સાથરી રે. મત૦ ૨
ભગ્ત અભય પદ દાયક દેવી,
સેવકોને છો માજી સુખકારી રે. મત૦ ૩
મહાબળીયો મહીસાસુર માર્યો,
ચોળ્યા ચંડમુંડ મા તેં બળ કરી રે. મત૦ ૪
રક્તબીજને મા રણમાં રાળ્યો,
ખડગ ત્રીશુળ કરમાં ધરી રે. મત૦ ૫
દેશ દેશોના સંગજ આવે,
આંગી લાવે પ્રેમે કરી રે. મત૦ ૬
દાસ મણીલાલ ગાય ગુણુ તારા,
દરસન આપો કરૂણા કરી રે. મત૦ ૭

૪૭

રાગ ગીતી.

ચાલો સભા સહુ આજે, સનખલપુરમાં દરસન કરવાને,
નમી નમી પાયે લાગો, જેથી દુઃખ ટળી સુખ થાયે.

૪૮

રાગ. ગીતી.

આજે સનખલપુરીનું, પ્રેમ ધરીને પુજન તો કરવું,
અક્ષત પુષ્પ લઇને, ધ્યાન તો બહુચર માજીનું ધરવું.

૪૯

રાગ ખસો ખસો કુંવરજી મારગ દઇએ અમનેરે.

ભજો ભજો બહુચર ભોળી ભગવતીનેરે,
ભવસાગરમાં બુડતાં માજી તારે તમનેરે. ભજો૦ ટેક.
છે માતુ તણી ગતી ન્યારી, મુરખ જો મન વીચારી,
કેમ ભ્રષ્ટ કરે મતી તારી, માટે ભજો બહુચરને કરૂ નમનરે. ભજો. ૧
મા ભવસાગરમાં તારે, છો જગત તણા પ્રતીપાળે,
હું વીનવું વારેવારે, આસરો તમારો માજી એક અમનેરે. ભજો. ૨
ગોખ ચાચર જે શીશ નામે, દુખ કોટી જન્મના વામે,
સુખ સંપત સઘળી પામે, નામ લેતાં ધન દારા સંતાનરે. ભજો. ૩
જમના કીંકર ચડસે જે વારે, દેસે મુસળે મારરે,
સનખલપુરીનું સ્મરણ કરીલે, નોધારા આધારરે.
જપી લો જુગમાતને, થઈ કુર સહીત પવિત્ર ચડસે વૈમાને,
આદ્ય અનાદી આઈ, સારી દુનીઆ તેની પાવી.
તુંતો ભરપોષણ મંમાઈ, દાસ જાણી રાખો ચરણે માજી મુજનેરે.ભજો. ૪

૫૦

રાગ આબુગીરી રાજના.

સેવી લઉ સેવી લઉ થાય છે, હોમાજીતુજ સેવેથી સુખ થાયછે૦ ટેક.
ધનાસુતારની પોળમાં બીરાજે, અલબેલી અંબીકા સોહાય છે. હો. ૧
હનમંત ગણપતી સંકરને શકતી, પ્રથમ દરસન થાય છે. હોમાજી. ૨
મંડપ રચના શી કહુ માની, હાંડી તકતાનો બહુ ઠાઠ છે હોમાજી. ૩

ગુણુ વીજય મંડળીને માતાજી અંબીકા માતું સહાય છે. હોમાજી. ૪
બાપુ દલસુખને મણીલાલ, માજી તણા ગુણ ગાય છે. હોમાજી. ૫

૫૧

રાગ. સનનન ચાલો.

સનનન ચાલો સનખલપુર માંહ્ય.
માજી કે નામોપે વારી વારી જાઉ. સનનન. ટેક
એકતો મુસ્તક માને મુગટ બીરાજે
દોએ કાનુમે ઝુમુકે ઝાલ;
ત્રીકુટી મધ્યે માને તીલડી ઝબુકે,
ચોથે છતરકી શોભા અપાર. સનનન. ૧
દીસે છે સારી જાઉ મુખપર વારી,
માજી દરસનો મહીમા અપાર.
ગુણુ વીજય મંડળી ગુણગાયે
આશા પુરોને મોરી મૈયા અપાર. સનનન. ૨

૫૨

રાગ આજ થઈ પ્રીય આણંદ ધારા.

નમું સંખલપુરી ચરણે તમારા હૈયામાં ઉલટ લાવીને મારા,
ગુણુ ગાતું આજ માજી તમારા, સેવક જનને લાગો છો પ્યારા.
માના માનસરોવર નાહે પુજાની છાબો લેઈ લેઈ જાએ,
બહુચર માની પુજા થાએ, પુજા કરી માને લાગેછે પાએ.

માત દીપાળી, તું બળ ધારી, સુસક્તી દયેસ ભગ્તી,
દીન દયાળી અંબેબાળી, છો મતવાળી. બહુચર બાળી.
છો અલબેલી, છેલ છબીલી, નમુ સંખલપુરી,

૫૩

અબથલેન મોહન મેરા.

ઓમાત ઓમાત, અરજ સુણુમારી હું ચરણે આવ્યો તારી,
મને રાખો ચરણુની વાસે, હું જનમ જનમના દાસે.
તીપુળા માત, ઝાલીને હાથ, લ્યોને ઉગારી. હું સરણુ. ટેક.
તુજ પાલવ માજી વરગ્યો, કરો નહી મુજને અળગો,
છો જી મહારાજ, રાખોને લાજ, વીનંતી મારી. હું સરણે. ૨

૫૪

રાગ મારા સ્વામીની રક્ષા કરજે.

ભગ્તોનું રક્ષણુ કરજે, માજી તારા ભગ્તોનું રક્ષણુ કરજે. ટેક.
હું અજ્ઞાની દાસ તમારો અપરાધ ક્ષમા કરજે. માજી. ૧
દાસ તણા દુખ દોહેલા વામો, ભજતા ભવની ભાવટ હરજે. મા. ૨
પર ઉપગાર કરો પરમેશ્વરી, અરજી ઉરમાં ધરજે. માજી. ૩

૫૫

રાગ રે નસીબ તું અજબ.

રે મા તું રે મયાળ, છોજી દીન દીન દયાળ.
કર જોડીને લાગુ પાય. ટેક.
વધ્યા દલીત અપાર, થરથર કંપે સંસાર,

દેવને દુખ તણો નહી પાર, રે માતુ મયાર. (૨) ૧
મળીયો શકતીનો સાથ, ચક્ર ધર્યું છે હાથ,
કરવા દઇતો તણો સંહાર, રે માતુરે મંયાલ. ૨
હણ્યા દઈત અનેક, સેસ રહી નહી એક.
વૃષ્ટી કીધી દેવે, મુનીવર માને સેવે,
ત્યાં વરત્યો જય જયકાર, રે માતુરે મયાલ. ૩

૫૬

રાગ. જય જય રામા (૨) રામા.

જય જય માતા જય જય માતા જય જય બાળી બહુચર માત.
એકજ દીલથી વૃધી સોયળથી, સમરણ કરતું બહુચર નામ,
માતુને ભજરે, સરવે તજરે, છે સૃષ્ટીમાં જેનું નામ.
સંકટ કાપે મોક્ષ આપે, સદા સ્મરતું બહુચર નામ,
મા તને ભજો, અગર સરવે તજો, દરસન કરવા કાજ સદા સરવે આવજો.

જય જય રામા, જય જય રામા૦

દરીઆપુરજીલે.

૧	કડીઆ જેઠાલાલ જહરીલાલ	૫	કડીઆ સોમનાથ છગન.
૧૦૦	કડીઆ નાનાલાલ છોટાલાલ	૧૦૦	પટેલ અમરતલાલ દલપત.
૧૦	સુતાર દલપતરાંમ	૧૦	પટેલ અચા બેહેચર.
૫	લવાર અમરતલાલ નથુભાઈ	૨૫	પટેલ મણીલાલ ગોપાળ.
૫	પટેલ ભોટુલાલ માણેકલાલ	૧૦૦	ભટ સકરલાલ દાજી.
૧૦૦	ભટ આતમારામ નથુભાઈ	૧૦૦	પટેલ મોતીલાલ આતમારામ.
૧૦	પટેલ સકરલાલ આતમારામ	૫	ખાતરી ગણપતરામ નારણ.
૧	પટેલ આસારામ બાપુજી	૫	કડીઆ સોમનાથ મગન.
૧	કડીઆ ચુનીલાલ પાનાચંદ	૨	પટેલ રામદાસ દલસુખરામ.
૫	ભટ હરીશંકર લલુભાઈ	૧	કડીઆ ગંગારામ છોટાલાલ.
૧	કડીઆ જેઠાલાલ અંબારામ	૫૦	કડીઆ ખુદાલાલ રણછોડ.
૧	કડીઆ સકરલાલ નાગરદાસ	૧	કડીઆ મીઠા પાનાચંદ.
૫	કડીઆ સકરાલાલ છગનલાલ	૧	કડીઆ જીવરામ આતમારામ.
૫૦	કડીયા જેઠાલાલ માધવ.	૫૦	કડીયા વલવ મનસુખ.
૫	કડીયા પરસોતમ કેવળ.		

જાહેર ખબર.

સરવે સાહેબોને વીનંતી કરવામાં આવે છે કે આ ચોપડી જે સાહેબોને ખરીદ કરવાની ઇચ્છા હોય તેઓએ નીચેના ઠેકાણેથી રોકડી કીમતે મંગાવી લેવા તસદી લેવી એજ વીનંતી બહાર ગામવાળા સાહેબોને ટપાલ ખરચ જુદુ પડશે કી. રૂ ૦-૨-૦ નોટપેડ કાગળ લેવામાં આવશે નહી.

મળવાનુ ઠેકાણું નીચે મુજબ.

કડીઆ મણીલાલ સાંકલચંદ.

ઠે. અમદાવાદ દરીઆપુર વાડીગામમાં મોટા કડીઆ-વાડમાં ઘર નંબર ૩૦

